ભારતદેશનાં ૫૨ શક્તિપીઠો માં સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી નો પણ અનેરો મહીમા છે. જ્યાં ચૈત્રી પુનમ નાં રોજ માં અંબા નાં દર્શન નો વિશેષ મહત્વ માનવામાં આવે છે. ચોટીલા નાં ચાંમુડા સ્વરૂપે હોય કે પછી બહુચરાજી માં બહુચર સ્વરૂપે હોય, ભાદરવી પુનમ ની મેળા ની જેમ હવે ચૈત્રી પુનમ નાં દિવસ નું તેટલુંજ મહત્વ વધી ગયો છે.....અને એ પણ બાધાની પુનમના નામથી યાત્રાધામ અંબાજી માં ભરાતા મોટા મેળા માં ભાદરવી પુમ ના મેળા બાદ ચૈત્રી પુનમ નો પણ તેટલોજ મહત્વ છે આજે આ ચૈત્રીપુમ ને લઈ માં અંબા ના ધામ માં દર્શને લાખ્ખો પદયાત્રીઓ અંબાજી માં ઉમટી પડ્યાં છે . ને અંબાજી નાં માર્ગો પણ જયઅંબે નાં નાદ થી ગુંજી ઉઠ્યા હતા. અને ખાસ કરી ને જ્યા ભાદરવી પુનમે જે રીતે ધજાઓ નો પ્રમાણ વધુ જોવા મળતુ હોય છે તેમ આ પુનમે શ્રદ્ધાળુંઓ પોતાની બાંધા માનતા પુરી કરવાં હાથ માં ધજા ને માથે માંડવી ને ગરબી લઈ માં અંબા ના દરબાર માં પહોચતા નજરે પડ્યા હતા એટલુંજ નહીં આ ચૈત્રી નવરાત્રી અને પુનમ ને તંત્ર મંત્ર માટે પણ મહત્વ નો સમય ગણવામાં આવે છે. આમ તો પદયાત્રીઓ માતાજી નાં રથ સાથે નેજા એટલેકે ધજા લઈ ને આવે છે. પણ આ ચૈત્રી પુનમે શ્રદ્ધાળુંઓ ખાસ કરી ને માથે માંડવી ગરબી લઈને પોતાની રાખેલી બાંધા આંખડી પુર્ણ કરવાં અંબાજી પગપાળાં આવે છે. જેને ફુલો નાં ગરબા પણ કહેવામાં આવે છે. એટલુંજ નહીં આ ચૈત્રી પુનમ ને હવે લોકો બાધા ની પુનમ તરીકે પણ ઓળખવાં લાગ્યા છે. જે લોકો માતાજી નાં મંદિરે ટેક રાખી પરત ફરતાં હોય છે. ને જ્યારે તેમની ટેક પુર્ણ થતાં આ ચૈત્રી પુનમે માથે ગરબો લઈ અંબાજી મંદિરે દર્શનાર્થે પહોંચતાં હોય છે. જોકે અંબાજી માં હવે દરેક પુનમે મેળાવડા નો માહોલ જામતો જાય છે. ત્યારે લોકો માં શ્રદ્ધા નાં જાણે સમુદ્ર લહેરાતો હોય તેવું લાગી રહ્યુ છે.

પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત અસ્થી બેંક દ્વારા અસ્થીઓનું વિસર્જન કરવામાં આવશે

હરદ્વાર ખાતે અસ્થીબેંકમાં જમા થયેલ ૭૪ અસ્થીઓનુ વિસર્જન થશે

પ્રાંતિજ, તા. ૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત અસ્થી બેંકમાં વર્ષ દરમ્યાન જમા થયેલ અસ્થીઓનુ હરદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવશે.

પ્રાંતિજ અંતિમધામ ખાતે આવેલ પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત કાર્યરત અસ્થીબેકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અસ્થીબેંકના પ્રમુખ મનુભાઇ રામચંદાની તથા નટુભાઇ બારોટ સહિત મંડળના સભ્યો દ્વારા દર વર્ષની જેમ વર્ષ દરમ્યાન અસ્થીબેંકમાં જમા થયેલ અસ્થીઓની ગણતરી કરવામાં આવી હતી. આ વર્ષે ૭૪ અસ્થીઓ અસ્થીબેંકમાં જમા થઈ હતી. અસ્થી ગણતરી વખતે યોગાનુયોગ પિતા પુત્રનું પણ વર્ષ દરમ્યાન મૃત્યુ થતાં બન્નેના અસ્થીઓ બેકમા જમાં થતાં અને અસ્થી ગણતરી દરમ્યાન માલુમ પડયું હતું. પિતા પુત્રના અસ્થીઓનુ પણ એક સાથે વિસર્જન થશે. અસ્થી બેંકમાં જમા થયેલ ૭૪ અસ્થીઓનું દર વર્ષે અસ્થી બેંક દ્વારા એપ્રિલ મે માં હરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવે છે. આ વર્ષે પણ ૨-૪-૨૦૧૮ના રોજ હરદ્વાર ખાતે બેંકના સભ્ય મીઠુંભાઇ બ્રહ્મભટ્ટ તથા અન્ય સભ્ય કરસનભાઈ ભોઈ દ્વારા અસ્થી બેંકમાં જમા થયેલ ૭૪ અસ્થીઓનું વિસર્જન કરવામાં આવે છે. પ્રાંતિજ ખાતે છેલ્લાં બાર વર્ષ થી કાર્યરત સેવા મંડળ સંચાલિત અસ્થી બેંક દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦થી પણ વધારે જર્મા થયેલ અસ્થીઓનુ દર વર્ષની જેમ હરદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવશે.

મોડાસામાં જાયન્ટ્સ ઇન્ડિયા દ્વારા મિનરલ ઠંડા પાણીની પરબનો પ્રારંભ

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ છેલ્લા એક સપ્તાહથી સૂર્યદેવતા આકારો મિજાજ દાખવી રહ્યા હોવાથી લોકો ગરમીથી અકળાયી તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસાની જાણીતી સેવાકીય સંસ્થા જાયન્ટ્સ ઈન્ડિયાની ટીમ દ્વારા માલપુર રોડ પર નગરપાલિકાના બગીચા સામેના મારુતિ કોમ્પલેક્ષ પાસે ઠંડા મિનરલ પાણીની પરબનો પ્રારંભ કરતા અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં આનંદ છવાયો હતો. આ પ્રસંગે જાયન્ટ્સ ઈન્ડિયાના ડિરેક્ટર નિલેશ જોશી, મોડાસા પ્રમુખ નિકેશ પરમાર, નવનીતભાઈ પરીખ, અમિત કવિ, નીતિન પંડ્યા, ભરત કડિયા, જગદીશ પટેલ અને ''આપણું મોડાસા'' પરિવારના ભગીરથ કુમાવત સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુરમાં અગ્નિસ્નાન યુવકનું સારવાર દરમિયાન મોત

પાલનપુર ખાતે વડલીવાળા પરા વિસ્તારમાં રહેતા રાજુભાઈ વાલાભાઈ કુવારીયાએ બે દિવસ અગાઉ કોઈ અગમ્યકારણોસર અગ્નિસ્નાન કર્યુ હતુ. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સોમવારે સારવાર દરમિયાન રાજુભાઈનું મોત નિપજ્યું હતુ.

આ અંગે અરૂણકુમાર વાલાભાઈ કુવારીયાએ પૂર્વ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી હે. કો. જસવંતસિંહ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

મારૂતિનંદનનો રાધાકૃષ્ણ મંદિરમાં પ્રાગટ્ય દિવસ હરખભેર ઉજવાયો

પુરાતન વાવ પાસે જુના ગામમાં આવેલા રાધાકૃષ્ણ મંદિરમાં આવેલા મારૂતિનંદનનો યુવા પેઢી દ્વારા હવન તેમજ કેક કાપી જન્મદિવસ મનાવવામાં આવ્યો હતો અને સાથે સૌ મળી પ્રસાદનુ આયોજન કરાયુ હતુ.

પ્રાંતિજ ખાતે સૌની અમીધરા ઠંડા પીણાની પરબનું ઉદ્‌ઘાટન

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર હિન્દુ મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા આયોજન કરી સૌની અમીધરા મીનરલ ઠંડા પીણાની પરબ નગરપાલિકા કોર્પોરેટર નિખીલભાઈ પટેલના હસ્તે ખુલ્લી મુકવામાં આવી.

ગરમીની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ઠેરઠેર પાણીનાં માટલાં તથા પાણીનાં જગ જલદાતાઓ દ્વારા મુકવામાં આવે છે ત્યારે પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતાં હિન્દુ મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા લોકોને કાળઝાળ ગરમીમાં શુધ્ધ અને કલેજે ઠંડક મળી રહે તે હેતુથી ગીરીશભાઈ પ્રજાપતિ, લિયાકતભાઈ લુહાર, સંજયસિંહ રાઠોડ, ઈલ્યાસભાઈ મનસુરી, અજણસિંહ ચૌહાણ દ્વારા સાર્વજનિક મીનરલ પાણીની પરબ સૌની અમીધરા ખોલવાનું આયોજન કર્યું હતું અને દાતાઓ તૈયાર કરી ઓમ કારેશ્વર મહાદેવ મંદિર પાસે સેવાસદન સામે પાણીની પરબ બનાવવામાં આવી છે. તો નગરપાલિકા કોર્પોરેટર તથા મુખ્ય દાંતા નિખીલભાઈ ચીનુલાલ પટેલના હસ્તે પટ્ટી કાપીને લોકો માટે ખુલ્લી મુકવામાં આવી હતી. તાલુકા સેવાસદન, કોર્ટ, તાલુકા પંચાયત ખાતે દિવસ દરમિયાન અવર જવર કરનાર આ કાળઝાળ ગરમીમાં ઠંડુ અને શુધ્ધ પાણી મળી રહશે. આ હિન્દુ મુસ્લિમ યુવકોએ ઉઠાવેલ કાર્ય બિરદાવા રૂપ છે. પ્રસંગે નગરપાલિકાના કોર્પોરેટરો સહિત પરબ દાતાઓ લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

ભાવનગર જિલ્લા પંચાયતને ૭૫૦૦નો સબક સમાન દંડ

ભાવનગર જિલ્લા પંચાયતના તાબા હેઠળની વિવિધ સરકારી કચેરીઓમાં સફાઇ તેમ જ સુવિધા વ્યવસ્થાપન સેવા અંગેના કોન્ટ્રાક્ટમાં સ્પાયર એન્ટરપ્રાઇઝ નામના કોન્ટ્રાકટરને ખોટી રીતે બ્લેકલીસ્ટેડ કરવાના પ્રકરણમાં અરજદાર સ્પાયર એન્ટરપ્રાઇઝ દ્વારા કરાયેલી રિટ અરજીની સુનાવણી દરમ્યાન જિલ્લા પંચાયતના જવાબદાર અધિકારી દ્વારા હાઇકોર્ટ સમક્ષ સોંગદનામા પર એવું ખોટું નિવેદન કરાયું હતુ કે, પ્રસ્તુત કેસમાં અરજદારપક્ષને રજૂઆતની તક આપીને તેમ જ કુદરતી ન્યાયનો સિધ્ધાંતનું પાલન કર્યા બાદ બ્લેકલીસ્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે, હાઇકોર્ટના ધ્યાન પર એ હકીકત આવી હતી કે, આ કેસમાં અરજદાર કોન્ટ્રાકટરને રજૂઆતની કોઇ તક આપવામાં આવી ન હતી અને પ્રસ્તુત કેસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન પણ કરાયું ન હતુ, જેથી હાઇકોર્ટે ભાવનગર જિલ્લા પંચાયત (સરકારપક્ષ)નો જોરદાર ઉધડો લઈ નાંખ્યો હતો. જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ એ.વાય.કોગજેની ખંડપીઠે સોંગદનામાં પર હાઇકોર્ટમાં ખોટું નિવેદન કરવા બદલ ભાવનગર જિલ્લા પંચાયતને સબક સમાન રૂ.૭૫૦૦નો આકરો દંડ ફટકારવામાં આવ્યો હતો.

નંબર પ્લેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપશે અને તેના પર અક્ષરોને સપાટી ઉપર લાવવાનું કામ મોડેથી મશીન મારફતે કરવામાં આવશે. પ્લેટની કિંમતને કારની કિંમતમાં સામેલ કરવામાં આવશે. આનાથી લોકોને ચોક્કસપણે રાહત મળશે. મંત્રીએ કહ્યું હતું કે, નવી ટેકનોલોજીવાળી નંબર પ્લેટનો હેતુ માત્ર ખરીદનારને રાહત આપવાનો રહ્યો નથી કારણ કે આના કારણે જુદા જુદા રાજ્યોમાં નંબર પ્લેટ એક સમાન રહેશે. રાજ્યો દ્વારા જે નંબર પ્લેટ ખરીદવામાં આવે છે તેની કિંમત ૮૦૦ રૂપિયાથી લઈને ૪૦૦૦૦ સુધી હોય છે. હાલમાં નંબર પ્લેટ અથવા લાયસન્સ પ્લેટ સંબંધિત રાજ્યોના જિલ્લા સ્તરીય આરટીઓ દ્વારા જારી કરવામાં આવે છે. ગડકરીએ કહ્યું હતું કે, જ્યાં સુધી વાહનોની સુરક્ષાનો પ્રશ્ન છે. આની સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. વાહન સસ્તા હોય કે મોંઘા હોય નિયમ તમામ લોકો માટે એક સમાન રહેશે. સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરાશે નહીં. સસ્તા વાહનો માટે જે સુરક્ષા નિયમો રહેશે તે જ સુરક્ષા નિયમો મોંઘી ગાડીઓ માટે રહેશે.

નજીવો ઘટાડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમાણ વધ્યુ હતુ. સવારથી સાંજ સુધી ૧૭ થી ૪૧ ટકા સુધી ભેજનુ પ્રમાણ રહયુ હતુ. ગાંધીનગર છેલ્લા એક સપ્તાહથી ગરમીની ગિરફતમાં હોવાથી આકરી ગરમીથી ત્રસ્ત નગરજનોએ તાપમાનમા ગિરાવટ આવતા રાહત અનુભવી હતી. ગરમીના પારાની ચઢઉતર વચ્ચે આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં એકસરખો ફેરફાર જોવા મળ્યો હતો.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

પડશે. આમા સજા અને દંડ બન્નેની જોગવાઈ પણ કાયદામાં કરવામાં આવી છે જેને રનીંગ ઓફ અનરેગ્યુલેટેડ ડિપોઝીટ, ફોડયુલન્ટ ડિફોલ્ટ ઈન રેગ્યુલેટેડ ડિપોઝીટ સ્કીમ અને અનિયંત્રીત ડિપોઝીટ સ્કીમ રોગફલ ઈન્સ્ટ્રુમેન્ટ નામ આપવામાં આવ્યું છે અને તેના ભંગ બદલ સોનીઓ તથા જવેલર્સ શોપના માલીકોને દંડ તથા સજાની ઈન્કમટેક્ષ એકટની કલમ ૨૬૯(એસએસ) તથા ૨૬૯(ટી) મુજબ જોગવાઈ છે. આવનાર સમયમાં મધ્યમ વર્ગને હપ્તાથી સોનું ખરીદવું બંધ થતા સોના બજારમાં મંદિની સંભાવના જોવાઈ રહી છે નવા બજેટમાં યોગ્ય જોગવાઈ કે નિયમો ઘડી રાહત આપવામાં નહિ આવે તો મધ્યમ વર્ગ માટે સોનુ એ સ્વપ્ન સમાન બનશે તે નિર્વાદ છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

સરકારના અભિલેખાગાર (નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા)ની ફાઈલોમાંથી અમને આ માહિતી સોંપડી હતી. 'સ્વૈચ્છિક પગાર કાપ'નો સરદારનો આગ્રહ એમના અનુગામી સી. રાજગોપાલાચારીના સમયમાં એટલે કે ૪ જાન્યુઆરી ૧૯૫૧થી અમલી બન્યો. એ વેળા રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદનો માસિક પગાર હતો રૂપિયા ૧૦,૦૦૦, વડા પ્રધાન જવાહર લાલ નેહરુનો ૩૦૦૦ રૂપિયા, ડૉ.બાબાસાહેબ આંબેડકર, ક.મા. મુનશી, રાજાજી સહિતના પ્રધાનોનો મહિને ૩૦૦૦ રૂપિયા હતો. રાજ્યોના રાજ્યપાલોના પગાર રૂપિયા ૫૫૦૦ અને મુખ્ય પ્રધાનોનો રૂ. ૧૫૦૦ હતો. દેશના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ એમ. જે. કણિયાનો રૂપિયા ૭૦૦૦ હતો.સ્વૈચ્છિક પગારકાપમાં સહભાગી થયેલા રાષ્ટ્રપતિ, રાજ્યપાલો, વડા પ્રધાન, પ્રધાન, મુખ્ય પ્રધાન તથા ન્યાયાધીશોમાં કેટલાક એવા પણ હતા કે જેમણે સ્વૈચ્છિક કાપ માટે સંમતિ નહોતી આપી. એકંદરે ૧૦ ટકા જેટલો પગારકાપ સ્વેચ્છાએ સ્વીકારનારાઓના પ્રતાપે રૂપિયા ૫,૦૫,૦૦૦ જેટલી રકમની વર્ષમાં બચત થયાનું ૮ જાન્યુઆરી ૧૯૫૨ની એ વેળાના ગૃહ સચિવ એચ. વી. આર. આયંગારની નોંધમાં સ્પષ્ટ કરાયું હતું. જોકે, વર્તમાન સંજોગોમાં આવા સ્વૈચ્છિક પગાર કાપની તો કલ્પનાય મુશ્કેલ છે.

- haridesai@gmail.com

પાણીની ટાંકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને સંપ બનાવવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણી પુરતા ફોર્સથી સપ્લાય કરવા માટે ટુંકમાં જ નવી વ્યવસ્થા ગોઠવાઈ જશે. આ ગામોમાં ટાંકી અને સંપ બનાવવા માટે રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે હજુ પાણીની ટાંકી અને સંપ બનાવવાની કામગીરીમાં બે મહીનાનો સમય લાગશે જેથી ગરમીના દિવસો પાણીના મામલે ગ્રામજનો માટે હજુ પણ કપરા હોવાનુ મનાઈ રહયુ છે.

ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે સાથે મળીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું છે. સોપિયનની કાર્યવાહીમાં હિઝબુલનો કમાન્ડર ઝીનત ઉલ ઈસ્લામ પણ ઠાર થયો છે. જમ્મુ કાશ્મીરના ડીજીપી શેશપાલ વૈદ્યએ કહ્યું છે કે, અનંતનાગના ડાયલ ગામમાં એક ત્રાસવાદીને ઠાર કરાયો છે અને અન્ય એકને પકડી લેવાયો છે. ઠાર થયેલા ત્રાસવાદીને પોલીસ તથા પરિવારના સભ્યોએ સમજાવવાનો પ્રયાસ સ્થાનિક હોવાથી અગાઉ કર્યા હતા પરંતુ શરણાગતિ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. સોપિયનમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને ઠાર કરાયા છે.

ગઈકાલે શનિવારના દિવસે પુલવામા જિલ્લામાં ત્રાસવાદીઓએ ખાસ પોલીસ અધિકારી મોહમ્મદ અશરફની હત્યા કરી દેવામાં આવી હતી. અશરફ હુમલામાં ગંભીરરીતે ઘાયલ થયો હતો. સારવાર માટે ખસેડવામાં આવતા આ પોલીસ અધિકારીનું મૃત્યુ થયું હતું. અનંતનાગ જિલ્લામાં ત્રાસવાદીઓના હુમલામાં અન્ય એક જવાનને પણ ઈજા થઈ હતી. હાલમાં ત્રાસવાદીઓ સામે એક પછી એક ઓપરેશન ચાલી રહ્યા છે. અનંતનાગ જિલ્લામાં પણ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે.

જવાનો તૈનાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈનાત કરી દેવામાં આવી છે. હોવિત્ઝર તોપ પણ ગોઠવી દેવામાં આવી છે. ચીનની સામે શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું છે. પૂર્વોત્તરમાં સુખોઈ-૩૦ ઉતારવામાં આવ્યા છે. ગયા વર્ષે ઠંડીના દિવસોમાં ચીની સૈનિકોએ ઉત્તરીય ડોકલામ ક્ષેત્રમાં છાવણી બનાવી દીધી હતી. ત્યારબાદથી ભારતીય સેનાએ મોટા ફેરફાર કર્યા છે. વિસ્તારવાદી યોજના સાથે આગળ વધી રહેલા ચીને વર્ષ ૨૦૧૭માં ૪૨૬ વખત ઘુસણખોરી કરી હતી. પીપલ્સ લીબ્રેશન આર્મીના જવાનો હમેશા દુસાહસ કરતા રહ્યા છે. બંને દેશોના જવાનો બે ડઝનથી પણ વધુ સમયે આમને સામને આવ્યા હતા. ૨૦૧૬માં આંકડો ૨૭૩નો હતો. ગયા વર્ષે ચીની સૈનિકોએ આક્રમકતા વધારી હતી. આ તમામ ઘટનાક્રમના પરિણામ સ્વરુપે ભારતીય સેનાએ હવે વધારે સાવચેતી રાખી છે અને જરૂરી સરહદો ઉપર બ્રહ્મોસ મિસાઈલો, હોવિત્ઝર તોપ ગોઠવી દીધી છે. ચીનનો સામનો કરવા માટે ભારતીય સેના સંપૂર્ણપણે સજ્જ છે.

સંપર્ક તૂટ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બદલી કાઢવા માટેની પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવાઈ હતી. લિક્વિડ એપોજીમીટર એન્જિન પણ તે વખતે કામ કરી રહ્યું હતું. પ્રથમ ઓપરેશન સફળ રહ્યું હતું. કોમ્યુનિકેશન સેટેલાઇટ નિર્ધારિત જગ્યાએ પહોંચી ગયા બાદ આ સંપર્ક તુટ્યો છે. સેટેલાઈટની કુશળતાને લઈને ગુરુવારે સવારે ૯.૨૨ વાગ્યાની આસપાસ નવી વિગતો સપાટી ઉપર આવી હતી. ભારતે ૨૯મી માર્ચના દિવસે દૂરસંચારના ક્ષેત્રમાં વધુ એક મોટી સફળતા અને ઐતિહાસિક સિદ્ધિ હાસલ કરી હતી. ભારતના દમદાર દૂરસંચાર સેટેલાઇટ જીસેટ-૬એને આજે ખુબ જ ઉત્સુકતાપૂર્વક અને ઉત્તેજનાપૂર્ણ માહોલમાં શ્રીહરિકોટાના અંતરિક્ષ લોંચ કેન્દ્રથી લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ૪૧૪૦ કિલો વજનના જીસેટ-૬એ દૂરસંચાર સેટેલાઇટને લઈ જવાવાળા જીએસએલવી એમકે-૨ને શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેશ સેન્ટરથી બીજા લોંચપેડથી લોંચ કરવામાં આવ્યા બાદ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ યાને ૧૨મી ઉડાણ ભરી હતી. સાત મહિનાના ગાળામાં જ ભારતને બીજી નિષ્ફળતા મળી હોવાના અહેવાલ મળી રહ્યા છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ઈસરોને તેના નેવિક સ્પેર સેટેલાઇટને ગુમાવી દેવાની ફરજ પડી હતી. એ વખતે હિટશિલ્ડ અંતરિક્ષમાં પહોંચ્યા બાદ ન ખુલતા આ નિષ્ફળતા હાથ લાગી હતી. જીસેટ-૬એ મોબાઈલ ફોન ઉપર એસબેંક સ્પેક્ટ્રમ અતિઝડપથી હાસલ કરવાની દિશામાં મોટી પહેલ હતી. આની અવધિ ૧૦ વર્ષની હતી. ઓગસ્ટ ૨૦૧૫માં ઈસરોએ જીસેટ-૬ને સફળરીતે લોંચ કર્યા બાદ તેની જગ્યાએ જીસેટ-૬એને લોંચ કરવામાં આવ્યા બાદ આ નિષ્ફળ મળી હોવાના અહેવાલ મળ્યા છે.

કોંગ્રેસ દ્વારા એપ્રિલ ફુલ ડેની ફેંકુ દિન તરીકે ઉજવણી કરી

અમદાવાદ,તા. ૧ વડોદરામાં આજે શહેર કોંગ્રેસ દ્વારા એપ્રિલ મહિનાની પહેલી તારીખે એપ્રિલ ફૂલ દિવસની કંઈક અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મોટી મોટી જાહેરાતો અને ઠાલા વચનો આપી પ્રજાને જે પ્રકારે ઉલ્લુ બનાવી છે, તેને લઈ આજે જોરદાર વિરોધ વ્યકત કરાયો હતો અને વડાપ્રધાનની ફેંકવાની આ સ્ટાઈલને લઈ તા.૧લી એપ્રિલની ફેંકુ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. ફેંકુ દિવસની ઉજવણી દરમ્યાન કોંગ્રેસના સ્થાનિક આગેવાનો, નેતાઓ અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. કોંગ્રેસના કાર્યકરોએ હાથમાં વિશાળ બેનરો અને માર્મિક સંદેશો આપતાં પ્લેકાર્ડ લઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. બેનરોમાં વિજય માલ્યા, નીરવ મોદી સહિતના ડિફોલ્ટરોના ફોટા લગાવી તેની પર લખાણ લખ્યું હતું કે, ભગોડે કે અચ્છે દિન(ભાગેડુઓના સારા દિવસો), કાળા ધન, કિસાનોને પોષણક્ષમ ભાવો સહિતના સંવેદનશીલ મુદ્દાઓને લઈ બેનરોમાં કોંગ્રેસના કાર્યકરોએ ચાબખા મારતાં લખાણ રજૂ કરી લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર-મોખાસણનો પાટોત્સવ અંતર્ગત વ્યસનમુક્તિ શિબીર યોજાઈ હતી. જેમાં આશિર્વાદમાં જણાવ્યુ હતુ મનુષ્યમાં દુર્ગુણને બદલે સદગુણ હોવો જોઈએ. વ્યસન અને ફેશન મનુષ્યને બરબાદી તરફ ધકેલે છે. પાણી અને વાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવો તો જીવનમાં સફળતાનો ધ્યેય પ્રાપ્ત કરી શકાશે.